ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટસ લાઇન
શનિવાર ૧૧ જુલાઇ, ૨૦૨૬

આજની મેચ (ત્રીજી ક્વાર્ટર ફાઇનલ) **નોર્વે vs ઈંગ્લેન્ડ, રાત્રે 2.30 વાગ્યે**

મોરોક્કોને 2-0થી હરાવી ફ્રાન્સ સેમી ફાઇનલમાં

એમ્બાપ્પેએ પહેલો ગોલ કર્યો અને ફ્રાન્સ વતી ડેમ્બલેએ કરેલા બીજા ગોલમાં તે સહાયક બન્યો

હાલના વર્લ્ડકપમાં ગોલ મામલે એમ્બાપ્પે મેસીની બરોબરીએ સર્વાધિક ગોલ મામલે તેનાથી એક ગોલ પાછળ

ફોક્સબરો, તા. 10 (એપી) : ફિફા વર્લ્ડકપમાં ગઇકાલે ગુરુવારે રાત્રે અહીં રમાયેલી પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રથમ હાફમાં પેનલ્ટી કિક ચૂકી ગયા બાદ કિલિયન એમબાપ્પેએ શાનદાર વાપસી કરીને એક ગોલ કર્યો અને બીજા ગોલમાં મદદ કરતાં ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવીને સતત ત્રીજી વખત સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફ્રાન્સ માટે ઓસ્માન ડેમ્બેલે બીજો ગોલ કર્યો, જે હવે મંગળવારે ડલ્લાસમાં સેમી ફાઇનલમાં સ્પેન અથવા બેલ્જિયમનો સામનો કરશે.

મેચની 60મી મિનિટે કરેલો ગોલ એમ્બાપેનો વર્લ્ડ કપ કેરિયરનો 20મો ગોલ હતો, જેના કારણે તે આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસીથી ફક્ત એક ગોલ પાછળ રહ્યો હતો, જ્યારે હાલના વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે તે મેસીની બરોબરીએ બેઠો હતો, બંનેએ 8-8 ગોલ કર્યા છે. ડેમ્બેલેએ 66મી મિનિટે ટુર્નામેન્ટમાં પોતાનો પાંચમો ગોલ કર્યો.

2022માં કતારમાં રમાયેલી સેમી ફાઇનલમાં ફ્રાન્સે મોરોક્કોને આ જ સ્કોરથી હરાવ્યું હતું. ફ્રાન્સ હવે સતત ત્રણ વર્લ્ડકપ ફાઇનલમાં રમનાર ત્રીજો દેશ બનવાના માર્ગ પર છે. આ વર્ષના વર્લ્ડકપમાં પોતાનો આઠમો ગોલ કર્યા પછી, એમબાપ્પે હાથ લંબાવીને ગોળ ફર્યો. ઈજાના ડરે મેદાન છોડીને જતા સમયે તેણે સ્ટેડિયમમાં ફ્રેન્ચ ચાહકોને હાથ હલાવ્યો. મોરોક્કનના એક ડિફેન્ડરે તેને ટેકલ કર્યાના લગભગ 13 મિનિટ પછી, 76મી મિનિટે એમબાપ્પે મેદાન પર ઢળી પડ્યો અને એક મિનિટ પછી તેને બદલી દેવામાં આવ્યો. બેન્ચ પર પહોંચ્યા ત્યારે તેના જમણા પગની ઘૂંટીમાં બરફનો પેક હતો, પરંતુ મેચ પછી, તેણે તેના બંને બૂટ પહેર્યા અને તેના સાથી ખેલાડીઓ સાથે ઉજવણી કરવા દોડ્યો. મેચ દરમિયાન ફ્રાન્સ ગોલ પર શોટમાં 21-4 અને ટાર્ગેટ પર શોટમાં 8-1થી આગળ હતું. ફ્રાન્સ પાસે હવે બ્રાઝિલ અને પશ્ચિમ જર્મનીની જેમ સતત ત્રણ વર્લ્ડ કપ ફાઇનલમાં પહોંચવાની તક છે.

ગોલ્ડન બૂટની રેસમાં એમબાપ્પે મેસી સાથે બરોબરીએ

ફોક્સબરો, તા. 10 : વર્લ્ડકપ ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કો પર ફ્રાન્સની 2-0થી જીતમાં એક ગોલ કરીને કિલિયન એમબાપ્પેએ 'ગોલ્ડન બૂટ'ની રેસમાં આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસીની બરાબરી કરી લીધી છે. બંને ખેલાડીઓએ વર્તમાન ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં આઠ-આઠ ગોલ કર્યા છે અને ટુર્નામેન્ટના સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને આપવામાં આવતા ગોલ્ડન બૂટની રેસમાં આગળ છે. જોકે, એમબાપ્પે ત્રણ ગોલમાં સહાય કરી છે, જ્યારે મેસ્સીએ ફક્ત એક જ વાર આવું કર્યું છે. એમબાપ્પેએ અત્યાર સુધી તેના વર્લ્ડકપ કેરિયરમાં 20 ગોલ કર્યા છે, જે મેસીના 21 ગોલના રેકોર્ડથી ફક્ત એક પાછળ છે. 'ગોલ્ડન બૂટ' જીતવાની રેસમાં, આ બંનેને નોર્વેના સ્ટાર સ્ટ્રાઇકર એર્લિંગ હાલેન્ડ (સાત ગોલ), ઈંગ્લેન્ડના હેરી કેન (છ) અને ફ્રાન્સના ઓસ્માન ડેમ્બેલે (પાંચ) તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. એમ્બાપ્પે શરૂઆતમાં પેનલ્ટીમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયો, પરંતુ બીજા હાફમાં તેના સ્ટ્રાઇકથી તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ નોન-પેનલ્ટી ગોલ માટે લિયોનેલ મેસી સાથે બરાબરી પર આવી ગયો.

ફિફા વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ કરનારા ખેલાડી

ખેલાડી	દેશ	મેચ	ગોલ
લિયોનલ મેસી	આર્જેન્ટીના	31	21
કિલિયન એમ્બાપ્પે	ફ્રાન્સ	20	20
મિરોસ્લાવ ક્લોસ	જર્મની	24	16
રોનાલ્ડો	બ્રાઝિલ	19	15
હેરી કેન	ઈંગ્લેન્ડ	16	14
ગેર્ડ મૂલર	જર્મની	13	14

મોરોક્કો સામેનો એક ગોલ એમબાપ્પેના નામે ઘણાં રેકોર્ડ જોડી ગયો

8 ગોલ હાલના વર્લ્ડકપમાં કિલિયન એમ્બાપ્પેના થયા છે અને તે આ વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે આર્જેન્ટીનાના લિયોનલ મેસીની બરોબરી પર બેઠો છે. તેમના પછી નોર્વેના અર્લિંગ હાલેન્ડે સાત અને ઈંગ્લેન્ડના હેરી કેને છ ગોલ કર્યા છે.

20 ગોલ સાથે તે વર્લ્ડકપમાં સર્વાધિક ગોલની યાદીમાં મેસી પછી બીજા ક્રમે છે, જર્મનીનો મિરોસ્લાવ ક્લોસ 16 ગોલ સાથે ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત એમ્બાપ્પે ફ્રાન્સ વતી સર્વાધિક વર્લ્ડકપ ગોલ ધરાવે છે.

64 ગોલ સાથે કિલિયન એમ્બાપ્પે ફ્રાન્સ વતી સર્વાધિક ઇન્ટરનેશનલ ગોલ ધરાવે છે, ઓલિયર ગિરોડ આ યાદીમાં 57 ગોલ સાથે બીજા જ્યારે 51 ગોલ સાથે થિયરી હેનરી ત્રીજા અને એન્ટોઇન ગ્રીઝમેન 44 ગોલ સાથે ચોથા ક્રમે છે.

17 નોન પેનલ્ટી વર્લ્ડકપ ગોલ સાથે એમ્બાપ્પે હવે આ મામલે મેસીની બરોબરી પર બેઠો છે. આ બંને ખેલાડીઓએ વર્લ્ડકપમાં તેમણે રમેલી તમામ મેચોમાં 17 નોન પેનલ્ટી ગોલ કર્યા છે.

12 ગોલ સાથે કિલિયન એમ્બાપ્પે વર્લ્ડ કપ નોકઆઉટ મેચોમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો. આ સાથે જ તેણે સર્વકાલીન યાદીમાં 8-8 ગોલ ધરાવતા બ્રાઝિલના મહાન ખેલાડીઓ લિયોનીદાસ અને રોનાલ્ડોથી ઘણો આગળ નીકળી ગયો છે.

11 ગોલ આસિસ્ટ સાથે એમ્બાપ્પે બે બે અલગ અલગ વર્લ્ડકપમાં 11 ડાયરેક્ટ ગોલ યોગદાન આપનાર પ્રથમ ખેલાડી બન્યો. તેણે કતાર વર્લ્ડકપ 2022માં આઠ ગોલ અને બે આસિસ્ટ સાથે બે આંકડામાં પહોંચ્યો હતો.

20 મેચ સાથે એમ્બાપ્પે ફ્રાન્સ વતી વર્લ્ડકપમાં સર્વાધિક મેચ રમવાના રેકોર્ડ બાબતે હ્યુગો લોરિસ સાથે જોડાયો છે, જો કે તે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર સૌથી યુવા ખેલાડી બન્યો.

લોર્ડ્સ ટેસ્ટ

મંધાના-હરમનપ્રીતની અર્ધસદીથી ટી બ્રેક સુધીમાં ભારતનો સ્કોર 202/5

ખરાબ શરૂઆત પછી મંધાના અને જેમિમાએ બાજી સુધારી અને હરમનપ્રીતે પણ ભારતને મજબૂતાઇ આપી

લંડન, તા. 10 : ઈંગ્લેન્ડની સામે અહીં આજે શુક્રવારથી શરૂ થયેલી એકમાત્ર મહિલા ટેસ્ટના પહેલા દિવસે સ્મૃતિ મંધાનાના વિસ્ફોટક 83 રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરના શાનદાર 58 રનની મદદથી, ટી બ્રેક સુધીમાં પાંચ વિકેટે 202 રન બનાવ્યા હતા. ચાના સમય પહેલા, હરમનપ્રીત આઉટ થતા બ્રેક સમયે દીપ્તિ શર્મા પાંચ રને ક્રિઝ પર હતી.

સવારના સત્રમાં ભારતે ઝડપી રન બનાવ્યા, પરંતુ લંચ પછી તેમનો રન રેટ ધીમો પડી ગયો. બીજા સત્રમાં, ટીમે 26.2 ઓવરમાં બે વિકેટ ગુમાવીને ફક્ત 80 રન ઉમેર્યા. મંધાના અને જેમીમા રોડ્રિગ્ઝે વચ્ચે ત્રીજી વિકેટ માટે 64 રનની ભાગીદારી કરતાં ભારતે પહેલા સત્રમાં ત્રણ વિકેટે 122 રન બનાવ્યા હતા. બીજા સત્રમાં ભારતને પોતાની પકડ જાળવી રાખવા માટે આ ગતિની જરૂર હતી. મંધાનાએ અને હરમનપ્રીતે ચોથી વિકેટ માટે 89 રનની ભાગીદારી કરી.

અગાઉ, ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો, અને તેમના બોલરોએ તેને સાચો સાબિત કરીને શેફાલી વર્મા અને યાસ્તિકા ભાટિયાની વિકેટ સસ્તામાં ખેરવી હતી. પરંતુ ત્યારબાદ મંધાનાએ બાજી સંભાળી અને ઈનિંગ્સને સ્થિર કરી. તેણે અને રોડ્રિગ્સે ઈંગ્લેન્ડના બોલિંગ આક્રમણ પર પ્રભુત્વ મેળવ્યું.

ચોથી ટી-20 જીતવા સાથે ઈંગ્લેન્ડે ભારત સામે પહેલી ટી-20 સીરિઝ જીતી

ફરી એકવાર ટોપ ઓર્ડરની નિષ્ફળતા વચ્ચે શ્રેયસ અય્યરની નોટઆઉટ ઇનિંગથી ભારતે 158 રન બનાવ્યા

બ્રુક અને સોલ્ટની 146 રનની નોટઆઉટ ભાગીદારીથી ઈંગ્લેન્ડે 13.5 ઓવરમાં એક વિકેટે લક્ષ્યાંક આંબ્યો

બ્રિસ્ટલ, તા. 10 : પાંચ મેચની સીરિઝની ગઇકાલે ગુરુવારે અહીં રમાયેલી ચોથી ટી-20 મેચમાં ભારતીય ટોપ ઓર્ડર ફરી એકવાર નિષ્ફળ રહ્યા પછી કેપ્ટન શ્રેયસ અય્યરની નોટઆઉટ અર્ધસદીની મદદથી સાત વિકેટે 158 રન બનાવ્યા પછી કેપ્ટન હેરી બ્રુક અને ફિલ સોલ્ટની અડધી સદી અને બંને વચ્ચેની શતકીય ભાગીદારીથી ઈંગ્લેન્ડને એકતરફી નવ વિકેટની જીત સાથે પાંચ મેચની સીરિઝમાં 3-0ની અજેય સરસાઈ મેળવીને સીરિઝ કબજે કરી લીધી હતી અને ઈંગ્લેન્ડે ભારત સામે પોતાની પહેલી દ્વિપક્ષીય ટી-20 સીરિઝ જીતી હતી. ભારતે આયર્લેન્ડ સામેની પાછલી સીરિઝ 0-2થી હારી હતી, જેના કારણે ઐયરની કેપ્ટનશીપ હેઠળની છેલ્લી છ મેચોમાંથી આ પાંચમી મેચમાં હાર મળી છે. વર્તમાન સીરિઝની પહેલી મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી.

ભારતે મૂકેલા 159 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ઈંગ્લેન્ડે બ્રુકના 35 બોલમાં નોટઆઉટ 79 અને ઓપનર સોલ્ટના 42 બોલમાં નોટઆઉટ 59 રન તેમજ બંને વચ્ચે બીજી વિકેટ માટે 146 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી 13.5 ઓવરમાં એક વિકેટે લક્ષ્યાંક આંબી લીધો હતો. આ પહેલા ટોસ જીતીને દાવ લેનાર ભારતીય ટીમના ટોપ ઓર્ડરના ત્રણ બેટ્સમેન ફરી લથડ્યા હતા અને શ્રેયસ સિવાયના અન્ય બેટ્સમેન નિષ્ફળ રહ્યા હતા

શ્રેયસે 49 બોલમાં નોટઆઉટ 80 રન ફટકારવા ઉપરાંત 22 રન કરનારા શિવમ દુબે સાથે ચોથી વિકેટ માટે 53 રનની ભાગીદારીની મદદથી ભારતે સાત વિકેટે 158 રન બનાવ્યા હતા.

ભારત	રન	બોલ	4	6
સૂર્યવંશી કો.કરન બો.આર્ચર	15	10	1	1
અભિષેક કોએન્ડબો.રશિદ	16	14	2	0
ઇશાન કો.કરન બો.ટંગ	4	6	0	0
શ્રેયસ નોટઆઉટ	80	49	4	5
દુબે કો.બેન્ટન બો.જેક્સ	22	23	2	0
તિલક કો.રેહાન બો.ટંગ	11	8	0	1
સુંદર કો.રશિદ બો.આર્ચર	5	8	0	0
અક્ષર રનઆઉટ	1	2	0	0
વધારાના	4			
કુલ (20 ઓવરમાં સાત વિકેટે)	158			

વિકેટપતન : 1/23, 2/33, 3/48, 4/101, 5/130, 6/157, 7/158

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	4	0	20	2
જોશ ટંગ	4	0	36	2
વિલ જેક્સ	4	0	28	1
સેમ કરન	4	0	24	0
આદિલ રશીદ	4	0	49	1

ઈંગ્લેન્ડ	રન	બોલ	4	6
સોલ્ટ નોટઆઉટ	59	42	9	1
બટલર કો.ઇશાન બો.અર્શદીપ	8	8	0	1
બ્રુક નોટઆઉટ	79	35	8	4
વધારાના	13			
કુલ (13.5 ઓવરમાં એક વિકેટે)	159			

વિકેટપતન : 1/13

બોલિંગ	O	M	R	W
અર્શદીપ સિંઘ	3.5	1	41	1
પ્રસિદ્ધ કૃષ્ણા	3	0	26	0
પ્રિન્સ યાદવ	3	0	28	0
અક્ષર પટેલ	2	0	24	0
વોશિંગ્ટન સુંદર	1	0	19	0
શિવમ દુબે	1	0	15	0

આજે અંતિમ ટી-20 : ઇંગ્લેન્ડની નજર ક્લિનસ્વીપ કરી નંબર વન રેન્કિંગ પર

ક્લીન સ્વીપ ટાળવા માટે ભારતે રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે

રાત્રે 10.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

સાઉધમ્પ્ટન, તા. 10 (પીટીઆઇ) : અત્યાર સુધી તેના યુકે પ્રવાસમાં નિરાશાજનક પ્રદર્શન કરનારી ભારતીય ટીમ જો શનિવારે અહીં રમાનારી પાંચમી ટી-20 ઈન્ટરનેશનલમાં ઇંગ્લેન્ડ સામે ક્લીન સ્વીપ ટાળવા માગતી હોય તો તેણે રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે, આ તરફ ઇંગ્લેન્ડની નજર સીરિઝમાં ક્લિનસ્વીપ કરીને ટી-20 રેન્કિંગમાં નંબર વનનું સ્થાન મેળવવા પર રહેશે.

શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે આયર્લેન્ડના બેલફાસ્ટના ભેજવાળા અને પવનયુક્ત હવામાનમાં પોતાની સફર શરૂ કરી હતી. ત્યારબાદ ટીમે ઉત્તરી ઈંગ્લેન્ડના શહેર ડરહામમાં સમય વિતાવ્યો અને હવે પાંચ મેચની સીરિઝની અંતિમ મેચ દક્ષિણ શહેર સાઉથમ્પ્ટનમાં રમશે. યુકેના છ શહેરોમાં એક વાત સુસંગત રહી છે. કેપ્ટન બન્યા પછી તે હજુ પણ પોતાની પહેલી જીત શોધી રહેલો અય્યર કમનસીબ રહ્યો છે. ભારતીય ટીમે 2006માં પોતાની પહેલી ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી, જ્યારે તે એક પણ મેચ જીતી શકી નથી, ત્યારથી આ સૌથી લાંબો તફાવત છે.

ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાયેલી બીજી મેચ સિવાય, ભારતીય ટીમે રમતના દરેક પાસામાં ખરાબ પ્રદર્શન કર્યું. બીજી મેચમાં ભારત સારી સ્થિતિમાં દેખાતું હતું, પરંતુ રવિ બિશ્નોઈની 17મી ઓવર ભારતની જીતને હડસેલી ગઇ. નોટિંઘમમાં, ભારત અત્યાર સુધીનું સૌથી ખરાબ બેટિંગ પ્રદર્શન કરીને 76 રનમાં ઓલઆઉટ થઈ ગયું. બ્રિસ્ટોલમાં રમાયેલી ચોથી મેચમાં, ટીમ દરેક વિભાગમાં નિષ્ફળ ગઈ.

વન ડે સીરિઝ પછી ખરાબ ટી-20 પ્રદર્શનની BCCI સમીક્ષા કરશે

બીસીસીઆઇના સચિવ દેવજીત સૈકિયાએ એવી સ્પષ્ટતા પણ કરી દીધી કે બોર્ડ ઉતાવળમાં કોઇ નિર્ણય નહીં લે

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ દેવજીત સૈકિયાના જણાવ્યા અનુસાર, 19 જુલાઈના રોજ વન ડે સીરિઝ સમાપ્ત થયા પછી, આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની ટી-20 સીરિઝમાં ભારતીય ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સમીક્ષા બેઠક યોજાશે. જોકે, સાકિયાએ એ પણ સ્પષ્ટતા કરી કે બોર્ડ કોઈ ઉતાવળમાં નિર્ણય લેશે નહીં.ભારતીય ટીમ આયર્લેન્ડ સામેની ટી-20 સીરિઝ 0-2થી હારી ગઈ છે, જ્યારે ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી-20 સીરિઝમાં તેઓ 0-3થી પાછળ છે. જોકે, એવું જાણવા મળ્યું છે કે હાલમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીરના ભવિષ્ય પર કોઈ ખતરો નથી કારણ કે બીસીસીઆઇ સાથે તેમનો કરાર 2027 વન ડે વર્લ્ડકપ સુધીનો છે. સૈકિયાએ શુક્રવારે એડિનબર્ગમાં આઇસીસીની વાર્ષિક બેઠક દરમિયાન જણાવ્યું કે બીસીસીઆઇ હાલમાં ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી-20 સીરિઝમાં ભારતીય ટીમના પ્રદર્શન પર નજર રાખી રહ્યું છે. તેમણે કહ્યું કે સમીક્ષા એકંદર કામગીરીનું મૂલ્યાંકન કરશે, પરંતુ બોર્ડ કોઈ ઉતાવળમાં નિર્ણય લેશે નહીં.

સુડોકુ ૬૫૭૩ - 'શ્રુતિ'

૬	૯	૭	૮			૨	૪	
		૪				૩		
	૩	૫			૯	૮	૬	૭
૫					૩	૪		
૪	૭	૨				૯		
		૯	૬	૨	૪			૫
૭	૪			૯		૬	૨	૩
	૨	૩	૭		૬	૫	૯	
૯				૪				૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ગૂમડું

જેને નીકળે એને દર્દની ખબર પડે. પાકીને ફૂટે ત્યારે જ રાહત થાય. અળસીનાં બીજ વાટી કરેલા લોટમાં સહેજ પાણી ભેળવી, ગરમ કરી, તેની પોટીસ ગૂમડા પર મૂકવી. ઝડપથી પાકી જશે.

શબ્દગુંફન - ૭૨૪૦
અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. પારસીઓનું દેવસ્થાન (૪)
૩. કમળ (૩)
૬. કસોટી, સત્ત્વ (૨)
૭. જીવનનો સ્વામી, પતિ (૩)
૮. નકામી ભાંજગડ (૫)
૧૧. અનુકૂળ વખત (૨)
૧૨. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૧૩. ઢાલ, વિલંબ (૨)
૧૪. લીલું ઘાસ (૨)
૧૫. જરૂરી જ ખર્ચ કરવાનું (૫)
૧૬. તંતુ, દોર (૨)
૨૧. કૃષ્ણ પક્ષનું (૨)
૨૩. જનાવર વગેરેના ખેલ તમાશો (૪)
૨૫. શરીર, પહેરણ (૩)
૨૬. મૂર્ખ, સંસ્કાર વિનાનું (૩)
૨૭. નાત જમાડવી તે (૨)
૩૦. ભાવ, તાત્પર્ય (૪)
૩૨. કબૂતર, હોલો (૩)
૩૪. ઠંડુ, ટાઢું (૨)
૩૫. ગમતી, વિનોદી (૩)

ઊભી ચાવી
૧. પોતાની જાતને મોટી સમજવી તે (૪)
૨. યાચના કરનાર, માગણ (૩)
૩. રગ, વલણ (૨)
૪. પાસે, સમીપ (૩)
૫. ઈશારો, સૂચન (૪)
૬. કસબ, હુન્નર (૨)
૯. રહેઠાણ, સ્થાનક (૩)
૧૦. એક જળચર પક્ષી (૩)
૧૧. ઘરાયેલું, મસ્ત (૨)
૧૩. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૧૪. અવાજ વગરનું, શાંત (૩)
૧૬. બચાવનાર (૩)
૧૭. દીવાની જ્યોત (૨)
૧૯. ઉછાળો, જુસ્સો, વેગ (૨)
૨૦. આનંદ (૨)
૨૨. રોગી, બિમાર (૨)
૨૪. બનાવેલું (૩)
૨૫. કારણ (૩)
૨૬. ફાયદો, ફતેહ (૪)
૨૭. નવું, નવલું (૪)
૩૦. આનંદ (૨)
૩૨. થોડા વાળની સેર (૨)
૩૩. ખુશ, પ્રસન્ન (૨)



આજનું પંચાંગ

તા. 11/07/2026, શનિવાર
વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: વદ: બારસ 26:06
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 20
યોગ : ગંડ **કરણ:** કૌવલ
નક્ષત્ર : કૃતિકા:11:05 પછી રોહિણી
રાશિ : વૃષભ (બ.વ.ઉ.)
દિવસ : સામાન્ય
સુરતમાં સૂર્યોદય : 06:05 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:53
પારસી વર્ષ : 1395 સ્પેંદારમદ માસનો પ્રથમ રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ: સવારે : 09:30 થી 11:00 સુધી

આપની આજ
જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): મન પસંદ ભોજનનો આનંદ મળે. ઘરમાં ઉત્સવ જેવું રહે. પારિવારિક ધંધામાં આવક વધશે.

વૃષભ (બ,વ,ઉ,): મોજ-શોખ પાછળ ખર્ચા વધે. રોમેન્ટીક મુલાકાત થાય. રોજગાર પ્રાપ્તિ થાય. ઘરમાં તાલમેળ રહે.

મિથુન (ક,છ,ઘ,): મન અશાંત રહે. ગુપ્ત ભય સતાવે. સંતાનોથી અશાંતિ પેદા થાય. ખર્ચા વધે. કાયદાકીય કામમાં મદદ.

કર્ક (ડ,હ,): ઉચ્ચ કક્ષાના વફાદાર મિત્રોનો સાથ મળે. નવી ટેકનોલોજીથી લાભ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે.

સિંહ (મ,ટ,): નવા વેપાર-ધંધામાં વડીલોની મદદ મળશે. ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થાય. આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): પિતાની મદદથી વિદેશમાં વિદ્યાભ્યાસ અને ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

તુલા (ર,ત,): અચાનક નવી તક મળે. ઉઘરાણી આવે. પડવા -વાગવાથી સાવધાન. ખર્ચા વધશે.

વૃશ્ચિક (ન,ય,): ભાગીદારીનાં કામ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. સમાજમાં માન વધે. ઘરમાં શાંતિ.

ધન (ભ,ધ,ફ,ઢ,): આરોગ્ય નરમ રહે. વિજાતિય આવેગ રહે. નોકરીમાં જવાબદારી વધે. હરીફોની હેરાનગતિ વધે.

મકર (ખ,જ,): બહારનાં કામ થાય. નવા ઓફિસ જમીનના સોદા થાય. વેપારમાં આવક વધે.

કુંભ (ગ,સ,શ,ષ,): વાણી પર કાબૂ રાખવો. અચાનક તક મળે. ઉચ્ચકક્ષાના લોકોની મદદ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): ઘરમાં અવર-જવર વધશે. નવાં કામ થાય. આર્થિક બાબતે સાવધાની રાખવી.

કોઈ પણ સાલમાં 11 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવી તક મળે. નવો ફેરફાર થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. સમાજમાં માન વધે.ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. સંતાનોના કામ અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ટેકનોલોજીનું શિક્ષણ ઉપયોગી રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકૂળતા વધે. મદદ મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદથી આવક વધારવાની યોજના બને. યાત્રા-પ્રવાસ ધર્મ, કર્મ થાય. જૂન-જુલાઇ, સોમ, ગુરુવાર, 2,11,20, 29. તારીખે નવાં કામ કરવાં. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ કરવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ-બુધવાર, 05, 08 તારીખે નવાં કામ ટાળવાં. કાળો લીલા રંગનો ઉપયોગ ટાળવો. ચંદ્રના ઉપાય કરવા.

અનુસંધાન... પાના પહેલાનું

લડાઇ અટકી:...

માટે તેહરાનને જવાબદાર ઠેરવ્યું હતું, જ્યારે ઈરાને આ આરોપોને "શંકાસ્પદ" ગણાવ્યા હતા. જો કે, તેહરાને અગાઉ એવો દાવો કર્યો હતો કે હોર્મુઝની સામુદ્રધુનીમાંથી માત્ર ઈરાન દ્વારા મંજૂર કરાયેલા રૂટનો ઉપયોગ કરનારા જહાજોને જ સુરક્ષિત ગણી શકાય. ટ્રમ્પે યુદ્ધ વિરામ સમાપ્ત થઇ ગયો હોવાની જાહેરાત કર્યા બાદ અમેરિકાએ ઈરાનના સ્થળો પર હુમલા શરૂ કર્યા હતા, જેના પછી ઈરાને વળતા હુમલા ગલ્ફમાંના અમેરિકાના સ્થળો પર કર્યા હતા અને સામ સામા હુમલાઓ શરૂ થઇ ગયા હતા. ગુરુવારે અમેરિકાએ હુમલા સમાપ્ત કરવાની જાહેરાત કરી હતી, તે પછી હવે બંને દેશો વાતચીત માટે તૈયાર થઇ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટમાં હંગામો:...

આ પિટિશનરે બેન્ચ સમક્ષ હાજર થઇને પોતાનો પરિચય "સાર્વભૌમ" તરીકે આપ્યો હતો. ન્યાયાધીશોને "ન્યાયિક સેવકો" કહીને તેણે સંબોધન કર્યું હતું. કોર્ટના સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક હસ્તક્ષેપ કરીને તેને કોર્ટરૂમની બહાર કાઢ્યો હતો. ત્યારબાદ તેને થોડા સમય માટે કોર્ટરૂમની અંદર આવેલી ડીએસપીની ઓફિસમાં અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. આ હોબાળો થયો હોવા છતાં, બેન્ચે પિટિશનર વિરુદ્ધ કોર્ટના તિરસ્કાર અથવા અન્ય કોઈ કડક કાનૂની કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો હતો. આદેશ સંભળાવતા જસ્ટિસ વિશ્વનાથને કહ્યું, અમે તેમની સામે કોઈ પગલાં લેવા માંગતા નથી. જ્યાં સુધી કેસની યોગ્યતાનો સવાલ છે, અમે રેકોર્ડ્સની તપાસ કરી છે. પડકારવામાં આવેલા આદેશમાં હસ્તક્ષેપ કરવા માટે કોઇ યોગ્ય આધાર જણાતો નથી. તેથી સ્પેશિયલ લીવ પિટિશન ફગાવવામાં આવે છે.

ઈરાન પર રહસ્યમય...

હતો. આ હુમલાઓ એવા સમયે આવ્યા છે જ્યારે તેઓ અને અમેરિકા એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે હોર્મુઝની સામુદ્રધુની -જે વૈશ્વિક ઊર્જા બજારો માટે એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે-તે જહાજો માટે ખુલ્લી અને મુક્ત હોવી જોઈએ. ઈરાનનું કહેવું છે કે આ સામુદ્રધુની હવે તેના એકમાત્ર નિયંત્રણ હેઠળ હોવી જોઈએ અને જહાજોએ તેહરાનને ફી ચૂકવવાનું શરૂ કરવું જોઈએ-ભલે વિશ્વ દાયકાઓથી તેને એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ ગણતું આવ્યું હોય. યુદ્ધ શરૂ થયું તે પહેલાં, વિશ્વના કુલ તેલ અને કુદરતી ગેસનો લગભગ પાંચમો ભાગ આ સામુદ્રધુનીમાંથી પસાર થતો હતો. યુદ્ધ દરમિયાન આ સામુદ્રધુની પર ઈરાનની પકડને કારણે વૈશ્વિક ઊર્જા સંકટ ઊભું થયું હતું, જોકે તેલના ભાવ યુદ્ધ સમયના પ્રતિ બેરલ ૧૨૦ યુએસ ડોલરના સર્વોચ્ચ સ્તરથી હવે નોંધપાત્ર રીતે નીચે આવ્યા છે. ઈરાન યુદ્ધમાં ભાગ લેનારા ઈઝરાયેલે પણ ઈરાન પરના તાજેતરના કોઈ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. અમેરિકી સૈન્યના સેન્ટ્રલ કમાન્ડે ગુરુવારે ઈરાનના સ્થાનિક સમય અનુસાર સવારે ૬:૩૦ વાગ્યે જણાવ્યું હતું કે તેણે હુમલાનો એક તબક્કો પૂર્ણ કરી લીધો છે, જેમાં આશરે ૯૦ લક્ષ્યાંકો પર હુમલો કરવામાં આવ્યો હતો.

તિબેટમાં બ્રહ્મપુત્રા...

જોખમને ઘટાડવા માટે ઢોળાવની સ્થિરતા મજબૂત કરે અને રક્ષણાત્મક દિવાલોનું નિર્માણ કરે. તાજેતરના અભ્યાસમાં, ટીમે જણાવ્યું હતું કે પાઈ ગામ હિમાલયન ભૂકંપીય ક્ષેત્રમાં આવેલું છે, જ્યાં ચીન અને તેના પડોશી પ્રદેશોમાં સૌથી શક્તિશાળી અને વારંવાર ભૂકંપ આવે છે. યારલુંગ ત્સાંગપો નદી કિનારે એક મજબૂત ભૂકંપીય સક્રિય ઝોન રચાયો છે. ટીમે જણાવ્યું હતું કે આ ફોલ્ટ પ્રારંભિક પ્લેઇસ્ટોસીન યુગથી સક્રિય હતો અને હોલોસીન યુગમાં પણ સતત મજબૂત સક્રિયતા દર્શાવી રહ્યો છે. પ્રાચીન તળાવના કાંપના ડેટિંગ દર્શાવે છે કે આ ફોલ્ટ આશરે ૯,૫૦૦ વર્ષ જેટલા તાજેતરના સમયમાં પણ સક્રિય હતો. સંશોધકોએ ૨૦૧૭ માં તિબેટના મિલિનમાં આવેલા ૬.૯ ની તીવ્રતાના ભૂકંપ તરફ પણ ઈશારો કર્યો હતો, જે આ ફોલ્ટ લાઇનના ઉત્તરીય છેડે આવ્યો હતો, જે તેની આધુનિક ભૂકંપીય સંભવિતતાના પુરાવા સમાન છે. તેમણે જણાવ્યું હતું કે, "પ્રાદેશિક ભૂકંપીય હલચલ હેઠળ, ભૂસ્ખલન અને ભેખડો ધસી પડવાની ઘટનાઓ સરળતાથી પ્રેરિત થઈ શકે છે, જે એન્જિનિયરિંગ સુવિધાઓ અને કર્મચારીઓની સુરક્ષાને જોખમમાં મૂકે છે." "બાંધકામ દરમિયાન, માળખાકીય સ્થિરતાના સુરક્ષાત્મક પગલાંને મજબૂત કરવા આવશ્યક છે. બાંધકામ અને તેની કામગીરી દરમિયાન ભૂસ્ખલન અને ભેખડો ધસી પડવાના જોખમોને ઘટાડવા માટે ઢોળાવનું મજબૂતીકરણ અને પ્રોટેક્શન વોલ/દિવાલો જેવી વ્યૂહરચનાઓનો અમલ કરવો અનિવાર્ય છે."

દેશભરમાં મેઘપ્રકોપ:...

લાહૌલ-સ્પીતીનો પ્રવાસ પણ મોકૂફ રખાયો છે. નેટવર્ક સમસ્યા નિવારવા ચંબા અને કુલ્લુ સહિતના વિસ્તારોમાં 'ઇન્ટ્રા-સર્કલ રોમિંગ' સુવિધા શરૂ કરાઈ છે. હવામાન વિભાગે આગામી 15 જુલાઈ સુધી રાજ્યમાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' જાહેર કર્યું છે અને કુલ્લુ પ્રશાસને લોકોને રાત્રે મુસાફરી ન કરવા તથા નદી-નાળાથી દૂર રહેવા ચેતવણી આપી છે. ઉત્તરાખંડમાં છેલ્લા 24 કલાકમાં ભારે વરસાદને લીધે યમનોત્રી નેશનલ હાઈવેનો 100 મીટરનો હિસ્સો ધોવાઈ ગયો છે અને રાજ્યના 118 રસ્તાઓ બંધ છે. હરિદ્વારના ભગવાનપુરમાં નદીના પ્રવાહમાં તણાતાં 18 વર્ષના કિશોરનું મોત થયું છે. હવામાન વિભાગે દેહરાદૂન અને નૈનીતાલ સહિત 7 જિલ્લા માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે. દેહરાદૂન સહિતના અનેક જિલ્લાઓમાં ધોરણ 12 સુધીની શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. સતત વરસાદને કારણે ગંગા, યમુના, ભાગીરથી અને કાલી સહિતની મુખ્ય નદીઓ તેમજ તેની સહાયક નદીઓની જળસપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે હાલ પૂરનું સ્તર ચેતવણીના નિશાનથી નીચે છે. ઉત્તર પ્રદેશમાં પણ વરસાદી આફતમાં બે લોકોનાં મોત થયાં છે, મેરઠના મવાનામાં સૌથી વધુ 315 મીમી વરસાદ નોંધાયો છે. પૂર્વોત્તર ભારતમાં આફત વધુ ઘેરી બની છે. મિઝોરમમાં નદીઓ ઓવરફ્લો થતાં સરહદી વિસ્તારોમાંથી 80થી વધુ પરિવારોને સુરક્ષિત સ્થળે જવા કહેવાયું છે, જ્યારે નેશનલ હાઈવે 54 પર ભૂસ્ખલન થતાં પ્રવાસીઓ ફસાયા છે. ત્રિપુરામાં પૂરે ભારે તબાહી મચાવી છે, જ્યાં 4,000થી વધુ ઘરોને નુકસાન પહોંચ્યું છે અને 11,000 લોકોએ રાહત શિબિરોમાં આશરો લીધો છે. અરુણાચલ પ્રદેશમાં પણ પૂરના કારણે મૃત્યુઆંક 7 પર પહોંચ્યો છે, જ્યારે આસામમાં પ્રશાસને આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવનાને પગલે પૂર અને લપસણી જમીન અંગે ચેતવણી જાહેર કરી છે. પશ્ચિમ બંગાળના કોચબિહારમાં 143 મીમી વરસાદથી કોલકાતા સહિતના શહેરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મુંબઈ-પુણે રેલ કોરિડોર પર પણ ભોર ઘાટ સેક્શનમાં ભૂસ્ખલનના કારણે 17 જુલાઈ સુધી 30 ટ્રેનો રદ કરવામાં આવી છે.